ગુજરાતમિત્ર
તથા ગુજરાતદર્પણ સ્થાપના:૧૮૬૩

નવસારી-વલસાડ-વાપી


૮ | રવિવાર ૧૧ ઓક્ટોબર, ૨૦૨૬ | ચીખલી | બીલીમોરા | વાંસદા | પારડી | ધરમપુર | ઉમરગામ | ડુંગરી | દમણ | સેલવાસ | આહવા | વઘઇ

૩. 1,331 કરોડની દમણ-ગંગા લિફ્ટ ઇરિગેશન યોજનાને વહીવટી મંજૂરી

કપરાડામાં પાણીની તકલીફ નહીં રહે

46 ગામના 17,000 હેક્ટર વિસ્તારને સિંચાઈનો લાભ મળશે

લિફ્ટ કરાયેલું પાણી 26 ગામ તળાવ અને 81 ચેકડેમમાં છોડવામાં આવશે



વલસાડ : દક્ષિણ ગુજરાતનાં કપરાડા ધરમપુરનાં આદિજાતિ વિસ્તાર માટે રૂ. 1,331 કરોડની દમણ-ગંગા લિફ્ટ ઈરિગેશન યોજનાને વહીવટી મંજૂરી મળી છે.

યોજના થકી 17,000 હેક્ટર વિસ્તારને સિંચાઈનો લાભ મળશે કુલ 46 ગામોને પાણીનો લાભ મળશે ખેતી માટેની પાણીની અછત દૂર કરવા મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલે રૂ. 1,331.30 કરોડની દમણ-ગંગા લિફ્ટ ઈરિગેશન યોજનાને વહીવટી મંજૂરી આપી છે .રાજ્યના નર્મદા, જળસંપત્તિ, પાણી પુરવઠા અને કલ્પસર વિભાગ દ્વારા વ્યાપક શક્યતા અને એન્જિનિયરિંગ અભ્યાસ હાથ ધરવામાં આવ્યો હતો. મુખ્ય પમ્પિંગ સ્ટેશન-1 (PS-1) મધુબન ડેમ નજીક ફતેહપુરા ગામ પાસેની સરકારી જમીન પર બનાવવામાં આવશે. આ સમગ્ર પમ્પિંગ સિસ્ટમની સંયુક્ત ક્ષમતા 56,400 કિલોવોટ (75,600 હોર્સપાવર) રહેશે. ઝોન-1માં કપરાડા તાલુકાનાં 28 ગામોનો સમાવેશ થશે જ્યારે ઝોન-2 હેઠળ ધરમપુર અને કપરાડા તાલુકાનાં 17 ગામોનો સમાવેશ થશે.યોજના હેઠળ

માત્ર ખેતર સ્તરે સીધું પાણી વિતરણ કરવાને બદલે, લિફ્ટ કરાયેલું પાણી 26 ગામ તળાવો અને 81 ચેકડેમોમાં છોડવામાં આવશે.જળસ્રોતોના એકીકરણથી ભૂગર્ભજળના રિચાર્જમાં વધારો, પાકના મહત્વપૂર્ણ વૃદ્ધિ તબક્કા દરમિયાન પાણી જાળવી રાખવાની ક્ષમતામાં સુધારો તેમજ પર્યાવરણીય નદી પ્રવાહ જાળવવામાં મદદ મળશે.

આ રીતે પાણી પહોંચાડવામાં આવશે

મધુબન જળાશયમાંથી ઉપલબ્ધ વધારાનું પાણી ઉપાડી કપરાડા અને ધરમપુર તાલુકાનાં 17,000 હેક્ટર ખેતીલાયક વિસ્તારને સિંચાઈનો લાભ આપવામાં આવશે.આ રૂટમાં ઊંચાઈમાં નોંધપાત્ર તફાવતને પાર કરવાનો રહેશે, જેમાં સમુદ્ર સપાટીથી 65 મીટરથી 382 મીટર સુધીની ઊંચાઈનો સમાવેશ થાય છે.

કપરાડા ગામ નજીક ઊંચાઇ પર બ્રેક પ્રેશર ટેન્ક્સ બનાવાશે

કપરાડા ગામ નજીક ઊંચાઈવાળા વિસ્તારોમાં વ્યૂહાત્મક રીતે બનાવવામાં આવનાર બ્રેક પ્રેશર ટેન્ક્સ (BPTs) વધારાના સ્ટેટિક હેડને ઘટાડશે અને ત્યારબાદ પાણીને શાખા નેટવર્ક મારફતે ગુરુત્વાકર્ષણના આધારે ધરમપુર તરફ વહેવા સક્ષમ બનાવશે.

દમણના કડૈયામાં ૩.2.25 લાખની ચોરીનો ભેદ ઉકેલાયો

દમણ: સંઘપ્રદેશ દમણના નાની દમણના કડૈયા ઈન્ડસ્ટ્રિયલ એસ્ટેટમાં આવેલી ડાયમંડ ફ્લોટ ઈન્ડસ્ટ્રિઝ કંપનીમાંથી રૂ.2.25 લાખની ચોરીનો ભેદ ઉકેલવામાં કડૈયા કોસ્ટલ પોલીસને સફળતા મળી છે. ગત 6 ઓક્ટોબરે રાત્રે તસ્કરોએ કંપનીના દરવાજા અને શટરનાં તાળાં તોડી રૂ.2,25,700ની કિંમતના 1,525 કિલો એચ.ડી.પી.ઈ. પ્લાસ્ટિકના દાણાની 61 બેગની ચોરી કરી હતી. પોલીસે સીસીટીવી ફૂટેજ અને બાતમીના આધારે તપાસ હાથ ધરી ભેસલોરના ગોડાઉન સુધી પહોંચીને ચોરાયેલો તમામ મુદ્દામાલ તેમજ ચોરીમાં વપરાયેલો GJ-15-AV-7548 નંબરનો છોટા હાથી ટેમ્પો કબજે કર્યો હતો. પોલીસ તપાસમાં ચોરીનો માલ મેળવનાર મોહમ્મદ સમીમ તેમજ ચોરીમાં સંડોવાયેલા મોહમ્મદ તસીમ, નીતિન સંતોષ શાહ અને એક સગીરનું નામ સામે આવ્યું છે. આ મામલે કડૈયા પોલીસે ગુનો નોંધી કાર્યવાહી હાથ ધરી છે.

સંક્ષિપ્ત સમાચાર

મહાલ કેમ્પ સાઈટ ખાતે અધ્યાપક સજ્જતા શિબિર યોજાઈ



ગિરીશ ભોયે

સાપુતારા : ૬સરકારી વિનયન અને વાણિજ્ય કોલેજ, આહવા-ડાંગ દ્વારા ફોરેસ્ટ કેમ્પ સાઈટ મહાલ ખાતે 'પ્રકૃતિ શિક્ષણ અને માનવ જીવન' વિષય પર એકદિવસીય અધ્યાપક સજ્જતા શિબિરનું આયોજન કરવામાં આવ્યું હતું. કેમ્પ સાઈટના વિપુલભાઈ વળવીએ માર્ગદર્શક તરીકે ઉપસ્થિત રહી અધ્યાપકોને ઔષધીય વનસ્પતિઓ અને સ્થાનિક જૈવવિવિધતા વિશે માહિતી પૂરી પાડી હતી.આ પ્રસંગે અતિથિ વિશેષ તરીકે ઉપસ્થિત સરકારી વિજ્ઞાન કોલેજ આહવાના આચાર્ય ડો. એ.જી. ધારિયા ઉપસ્થિત રહ્યાં હતાં અધ્યક્ષીય પ્રવચનમાં કોલેજના આચાર્ય ડો. યુ.કે. ગાંગુર્ડેએ પ્રકૃતિ શિક્ષણ અને આધુનિક શિક્ષણપદ્ધતિઓના સમન્વય અંગે માર્ગદર્શન આપ્યું હતુ. આભારવિધિ IQAC કો-ઓર્ડીનેટર ડો. ડી.એમ. ગાવિત દ્વારા કરવામાં આવી હતી.

બરડીપાડા ખાતે આયુર્વેદ તથા પંચકર્મ નિદાન સારવાર કેમ્પ


ગિરીશ ભોયે

સાપુતારા : પ્રધાનમંત્રી નરેન્દ્રભાઈ મોદીના જાહેર જીવનના ૨૫ સેવાકીય વર્ષ પૂર્ણ થવાના ઉપલક્ષ્યમાં તા. ૧૭ સપ્ટેમ્બરથી ૧૭ ઓક્ટોબર દરમિયાન યોજાઈ રહેલા 'સેવા સંકલ્પ અભિયાન' અંતર્ગત સરકારી આયુર્વેદ હોસ્પિટલ આહવા દ્વારા ડાંગ જિલ્લાના સુબીર તાલુકાના સરકારી આયુર્વેદ દવાખાના બરડીપાડા ખાતે એકદિવસીય આયુર્વેદ તથા પંચકર્મ નિદાન સારવાર કેમ્પનું આયોજન કરવામાં આવ્યું હતુ. કેમ્પના ઉદ્ઘાટન સમારોહમાં સુબીર તાલુકા પંચાયત સદસ્ય અનિલભાઈ ગામીત, માજી કારોબારી અધ્યક્ષા ઉર્મિલાબેન ગામીત, બરડીપાડા ગ્રુપ ગ્રામ પંચાયતના સરપંચ વિજયભાઈ ગામીત સહિત સ્થાનિક અગ્રણીઓ ઉપસ્થિત રહ્યા હતા. કેમ્પ દરમિયાન ૨૧૦ દર્દીઓએ આયુર્વેદ નિદાન અને ૭૮ દર્દીઓએ પંચકર્મ ચિકિત્સા સહિત કુલ ૩૮૮ ગ્રામજનોએ આરોગ્ય સેવાનો લાભ લીધો હતો.

ઉમરગામ એમ.એમ.હાઈસ્કૂલ 'બેસ્ટ સ્કૂલ એવોર્ડ' થી સન્માનિત



ઉમેશ સોલંકી

ઉમરગામ : ઉમરગામ એજ્યુકેશન સોસાયટી સંચાલિત એમ.એમ.હાઈસ્કૂલે પોતાની ગૌરવશાળી યાત્રામાં વધુ એક સિદ્ધિનો ઉમેરો કર્યો છે. મુંબઈ ખાતે યોજાયેલા સ્ટાર એજ્યુકેશન એવોર્ડ કાર્યક્રમ અંતર્ગત શાળાને પ્રતિષ્ઠિત 'બેસ્ટ સ્કૂલ એવોર્ડ' થી સન્માનિત કરવામાં આવતા શાળા પરિવારમાં આનંદની લાગણી છવાઈ ગઈ હતી.શાળાની આ ગૌરવપૂર્ણ સિદ્ધિ પાછળ આચાર્ય અલ્પેશકુમાર એ. પટેલનું દૂરંદેશી નેતૃત્વ, કાર્યનિષ્ઠા, સમર્પણ અને શિક્ષણક્ષેત્રે શ્રેષ્ઠતાના ધ્યેય પ્રત્યેની અવિરત પ્રતિબદ્ધતા મહત્ત્વપૂર્ણ રહી છે. આ સિદ્ધિના પાયામાં ઉમરગામ એજ્યુકેશન સોસાયટીના પ્રમુખ ઈશ્વરભાઈ બારી, મંત્રી ઉલ્હાસભાઈ ટંડેલ અને ખજાનચી બંકીમભાઈ શાહ તથા કમિટી સભ્યોનું માર્ગદર્શક નેતૃત્વ, શાળા પ્રત્યેની અતૂટ પ્રતિબદ્ધતા અને અમૂલ્ય યોગદાન રહેલું છે.

ઇકો ટુરિઝમના વિકાસ માટે કપરાડામાં પ્રયાસ કરાશે : વનમંત્રી



વલસાડ: કપરાડા તાલુકામાં સમૃધ્ધ વન છે અને તેની જાળવણીનું શ્રેય અહીંના આદિવાસી ભાઈ- બહેનોને જાય છે, સાથે અહીં ઈકો ટુરિઝમ કઈ રીતે વિકસી શકે અને તેના થકી રોજગારી મળી શકે તે માટેના પ્રયાસો શરૂ કરાશે. તેમ વન અને પર્યાવરણ, કલાઈમેટ ચેન્જ, વિજ્ઞાન અને પ્રૌદ્યોગિકી વિભાગના મંત્રી અર્જુનભાઈ મોઢવાડીયાએ કપરાડા તાલુકાની મુલાકાત દરમિયાન કપરાડા અને લવકર એમ બે કચેરીઓને સમાવતા અત્યાધુનિક સુવિધાઓથી સુસજ્જ વન ભવનના લોકાર્પણ દરમિયાન જણાવ્યું હતું.

રૂરલ આઈ ટી ક્વીઝ સ્પર્ધામાં ચીખલીની એ.બી. સ્કૂલનાં બાળકો ઝળહળ્યા


ધર્મેશ પટેલ

ઘેજ : બીલીમોરાના આંતલિયા સ્થિત વાણિયામિલ હાઇસ્કૂલ ખાતે યોજાયેલ જિલ્લા કક્ષાની રૂરલ આઈ ટી ક્વિઝ સ્પર્ધામાં એ.બી.સ્કૂલ, ચીખલીના બાળકોએ ભવ્ય પ્રદર્શન કર્યું હતું.આ સ્પર્ધામાં જિલ્લાની કુલ સાત શાળામાંથી ૨૮ જેટલા વિદ્યાર્થીઓએ ભાગ લીધો હતો.જેમાંથી એ.બી.સ્કૂલ ચીખલીના બે વિદ્યાર્થીઓ પસંદગી થઈ હતી.પસંદગી થયેલ વિદ્યાર્થીઓ હવે રાજ્યકક્ષાની આઈ.ટી.ક્વિઝ સ્પર્ધા માટે તારીખ ૧૩-ઓક્ટોબર-૨૬ ના રોજ ગાંધીનગર ખાતે પ્રતિનિધિત્વ કરશે.તે માટે શાળાના આચાર્યા પ્રિતીબેન વણકર,ટ્રસ્ટી નિર્મલભાઇ પટેલ સહિત શાળાના શિક્ષકોઓએ અભિનંદન પાઠવ્યા હતા.

વલસાડની આર.એમ.એન. વી.એમ. દેસાઈ વિદ્યાધામના વિદ્યાર્થીઓનું શ્રેષ્ઠ પ્રદર્શન

વલસાડ : વલસાડ સ્થિત આર.એમ.એન. વી.એમ. દેસાઈ વિદ્યાધામના વિદ્યાર્થીઓએ બાળ વૈજ્ઞાનિક પ્રદર્શનમાં તાલુકા કક્ષાએ પ્રથમ ક્રમ પ્રાપ્ત કરીને શાળાનું ગૌરવ વધાર્યું છે. વિદ્યાર્થીઓએ પોતાની વૈજ્ઞાનિક વિચારશક્તિ, સર્જનાત્મકતા અને નવીન પ્રયોગો દ્વારા ઉત્કૃષ્ટ પ્રદર્શન કર્યું હતું. વિદ્યાર્થીઓની આ સિદ્ધિ બદલ શાળાના પ્રમુખ વિનોદચંદ્રન મગનભાઈ દેસાઈ, મંત્રી દોલતભાઈ દેસાઈ અને આચાર્ય બિજલબેન આઈ. પટેલે અભિનંદન પાઠવ્યાં હતાં. શિક્ષકોના યોગ્ય માર્ગદર્શન અને વિદ્યાર્થીઓની મહેનતના પરિણામે આ સફળતા પ્રાપ્ત થઈ છે. શાળાની આ સિદ્ધિ માટે પ્રમુખ વિનોદચંદ્રન મગનભાઈ દેસાઈ, મંત્રી દોલતભાઈ દેસાઈ અને આચાર્ય બિજલબેન આઈ. પટેલે વિદ્યાર્થીઓ, શિક્ષકો અને વાલીઓને અભિનંદન પાઠવ્યાં હતાં.

દમણમાં બુટલેગર ઉમેશ મેડીના ઠેકાણેથી ત્રણ કાર કરાઈ જપ્ત

દમણ : સંઘપ્રદેશ દમણ પોલીસે ગેરકાયદેસર દારૂની હેરાફેરી સામે કાર્યવાહી કરી વોન્ટેડ બુટલેગર ઉમેશ અમૃત પટેલ ઉર્ફે ઉમેશ મેડીના ઠેકાણેથી ત્રણ લક્ઝરી કાર જપ્ત કરી છે. કડૈયા કોસ્ટલ પોલીસે ગત ૧૮ સપ્ટેમ્બરે નાની દમણના મોટી વાંકડ સ્થિત મેડી ફળિયામાં તપાસ હાથ ધરતા બે ઈનોવા ક્રિસ્ટા અને એક ફોર્ચ્યુનર કાર શંકાસ્પદ હાલતમાં મળી આવી હતી. પોલીસ તપાસમાં ત્રણેય કારમાંથી મુસાફરોની બેઠકો કાઢી નાખવામાં આવી હોવાનું બહાર આવ્યું હતું. દારૂની મોટા પાયે હેરાફેરી માટે આ ફેરફાર કરાયા હોવાની પોલીસને આશંકા છે.

પારડીમાં નવા ફિશ માર્કેટ માટે સ્વૈચ્છિક ડિમોલિશન થયું

અદ્યતન ફિશ માર્કેટના આયોજનમાં ડ્રેનેજ સિસ્ટમ અને કચરાની યોગ્ય સુવિધા ઉપલબ્ધ કરાવવામાં આવશે: સીઓ કોમલબેન

પારડી : પારડી શહેરમાં લાંબા સમયથી પ્રતિક્ષિત આધુનિક મચ્છી માર્કેટના નિર્માણકાર્યને હવે વેગ મળ્યો છે. નાણામંત્રી કનુભાઈ દેસાઈના પ્રયાસોથી ગ્રાન્ટ મંજૂર થતાં જ તંત્ર હરકતમાં આવ્યું હતું. જેમાં સૌથી સકારાત્મક બાબત એ રહી કે, મચ્છી વેચતી સ્થાનિક બહેનોએ ખુદ આગળ આવીને પોતાના દબાણો જાતે જ દૂર કર્યા હતાં. આજરોજ નગરપાલિકા દ્વારા જ્યાં આધુનિક મચ્છી માર્કેટનું નિર્માણ થવાનું છે, તે જગ્યા ખાલી કરાવવા માટે પૂર્વ તૈયારી રૂપે પાલિકા પ્રમુખ ચેતન નાયકા, સીઓના માર્ગદર્શન હેઠળ JCB મોકલવામાં આવ્યું હતું. પરંતુ, પ્રશંસનીય રીતે ત્યાં મચ્છીનું વેચાણ કરતી ૧૦૦ થી ૧૫૦ જેટલી સ્થાનિક બહેનોએ કોઈ વિરોધ ન કરી પોતાના દ્વારા કરવામાં આવેલા ગેરકાયદેસર મંડપ અને ઝૂંપડા સ્વૈચ્છિક રીતે જ કાઢી નાખ્યા હતાં. મહિલાઓના આ સાથ અને સહકારથી હવે પાલિકા માટે માર્કેટ બનાવવાનો રસ્તો સંપૂર્ણપણે સરળ બની ગયો છે.ચીફ ઓફિસર કોમલબેને જણાવ્યું કે, નગરપાલિકા દ્વારા ફિશ માર્કેટનું ડિમોલિશન કરી નવા આધુનિક માર્કેટના નિર્માણ માટેનું ટેન્ડર બહાર પાડવામાં આવ્યું છે અને તેનો વર્ક ઓર્ડર પણ આપી દેવાયો છે. આ પ્રક્રિયા અંતર્ગત ફીશ માર્કેટની બહેનોએ જાતે જ શાંતિપૂર્વક પોતાની જગ્યાનું સ્થળાંતર કરી નગરપાલિકાને સહયોગ આપ્યો છે.



વાપીના ઉદ્યોગોએ દેશને હંમેશા ઉત્તમ સંદેશ આપ્યો છે

વાપીમાં કેન્દ્રીય મંત્રી મનસુખભાઈ માંડવીયાએ 'ઇન્ડસ્ટ્રિયલ સેફ્ટી અને એર મોનિટરિંગ' સેમિનાર ખુલ્લો મૂક્યો



વાપી : કેન્દ્રીય શ્રમ અને રોજગાર, યુવા અને રમતગમત મંત્રી મનસુખભાઈ માંડવીયાએ વાપી ખાતે ઉદ્યોગોના ટકાઉ વિકાસ અને પર્યાવરણની સુરક્ષાના હેતુથી 'ઇન્ડસ્ટ્રિયલ સેફ્ટી અને એર પોલ્યુશન મોનિટરિંગ' વિષય પર એક મહત્વપૂર્ણ સેમિનારને ખુલ્લો મુક્યો હતો.

વાપીમાં કનુ દેસાઈ વીઆઈએ ઓડિટોરિયમમાં યોજાયેલા આ સેમિનારમાં માર્ગદર્શન આપતા કેન્દ્રીય મંત્રી મનસુખ માંડવીયાએ જણાવ્યું હતું કે વાપીના ઉદ્યોગોએ હંમેશા દેશને એક ઉત્તમ સંદેશ આપ્યો છે.

આ પ્રસંગે નાણાં મંત્રી કનુભાઈ દેસાઈએ જણાવ્યું હતું કે, વર્ષ ૨૦૦૧ના ભૂકંપ બાદ ગુજરાતે માળખાગત સુવિધાઓ અને શાંતિ-સલામતી ક્ષેત્રે અપ્રતિમ વિકાસ સાધ્યો છે. વધુમાં તેમણે કહ્યું કે જ્યોતિગ્રામ યોજના, વાઈબ્રન્ટ ગુજરાત અને સોલાર પોલિસી અમલમાં મૂકીને ગુજરાતે સમગ્ર દેશમાં નવી રાહ ચીંધી છે.પદ્મભૂષણ યુપીએલના ચેરમેન રજુભાઈ શ્રોફે વાપીના ઈન્ડસ્ટ્રિયલ ઈતિહાસ અને સંસ્મરણો વગોવ્યાં હતા. વાપીના ઈન્ડસ્ટ્રિયલ વિકાસને નવી દિશા આપવા માટે ગુજરાત સરકારનો આભાર વ્યક્ત કર્યો હતો.

કાર્યક્રમમાં વીઆઈએના પ્રમુખ સતીશભાઈ પટેલ, સેક્રેટરી કલ્પેશભાઈ વોરા, એડવાઈઝરી બોર્ડના સભ્ય યોગેશભાઈ કાબરીયા, યુપીએલના સાંદ્રા શ્રોફ ઉપસ્થિત રહ્યા હતા.

વિજલપોરના વિઠ્ઠલ મંદિર પાસે ફરી ચિકન વેચાવા લાગ્યું

નવસારી: વિજલપોરના વિઠ્ઠલ મંદિર નજીક આવેલા ચીકન સેન્ટરનો મુદ્દો ફરી ચર્ચામાં છે. અગાઉ લેખિત ફરિયાદોને પગલે મહાનગરપાલિકા દ્વારા આ દુકાનને સીલ કરવામાં આવી હતી. ત્યારબાદ દુકાનમાલિકે મહાનગરપાલિકા સમક્ષ અહીં ચીકન કે અન્ય નોનવેજનું વેચાણ નહીં કરવામાં આવે અને તેના બદલે મસાલાની દુકાન શરૂ કરવામાં આવશે. મહાનગરપાલિકાના અધિકારી કિશોર નાયકાએ જણાવ્યું છે. જોકે, હવે આ સ્થળે ફરી ચીકનનું વેચાણ થતું હોવાની ચર્ચા અને ફરિયાદો સામે આવતાં સ્થાનિક રહીશો દ્વારા આ અંગે તપાસ કરવાની માંગ કરવામાં આવી રહી છે. વિઠ્ઠલ મંદિરની નજીક શાકભાજી માર્કેટ પણ ભરાતી હોવાથી આ વિસ્તારના કેટલાક રહીશો આ બાબતે પોતાની રજૂઆત કરી રહ્યા છે. સ્થાનિકોનું કહેવું છે કે અગાઉ આપવામાં આવેલી બાંહેધરી મુજબ દુકાનમાં વ્યવસાય થઈ રહ્યો છે કે નહીં તેની સંબંધિત તંત્ર દ્વારા ચકાસણી કરવામાં આવે તો સમગ્ર બાબત સ્પષ્ટ થઈ શકે. આ અંગે મહાનગરપાલિકાના અધિકારી કિશોર નાયકાએ જણાવ્યું હતું કે દુકાનમાલિકે નોનવેજનું વેચાણ નહીં કરવાની લેખિત બાંહેધરી આપ્યા બાદ જ દુકાનની સીલ ખોલવામાં આવી હતી.

ધમડાચીમાં ફાયર સ્ટેશન બનતા પહેલા જ વિવાદ



કરોડોના ભ્રષ્ટાચાર અને શરતભંગના આક્ષેપો સાથે કલેક્ટર સમક્ષ રજૂઆત

વલસાડ : ધમડાચી ખાતે નિર્માણ પામી રહેલા જિલ્લા કક્ષાના મોડેલ ફાયર સ્ટેશન (બંબાખાના) ના પ્રોજેક્ટમાં ગેરકાયદેસર બાંધકામ, શરતભંગ તેમજ ખાનગી વ્યક્તિઓને ગેરકાયદે લાભ પહોંચાડવા અંગે વલસાડ જિલ્લા કલેક્ટર સમક્ષ પણ લેખિતમાં ગંભીર રજૂઆત કરવામાં આવી છે. જાગૃત નાગરિક દિલીપ એમ. કનેરિયા દ્વારા કરવામાં આવેલી આ રજૂઆતમાં જવાબદાર અધિકારીઓ અને પદાધિકારીઓ સામે તપાસ કમિટી નીમી ફોજદારી તેમજ ખાતાકીય પગલાં ભરવાની માંગ કરાઈ છે.

રજૂઆતમાં જણાવ્યા અનુસાર, ગુજરાત સરકાર દ્વારા જિલ્લા કક્ષાના મોડેલ ફાયર સ્ટેશન માટે બાંધકામ પેટે રૂ.૭.૫ કરોડ અને જમીન ખરીદી પેટે રૂ. ૨ કરોડની ગ્રાન્ટ ફાળવવામાં આવી હતી. કલેક્ટર કચેરી દ્વારા ધમડાચી ખાતે સર્વે નંબર ૩૪૯ (વાણિજ્ય હેતુ - બંબાખાના માટે) અને સર્વે નંબર ૩૬૨ (રહેણાંક હેતુ માટે) નગરપાલિકાને ફાળવવામાં આવ્યા હતા. જોકે, ટાઉન પ્લાનિંગ (TP) વિભાગ દ્વારા આ માટેની પ્લાનિંગ મંજૂરી અરજી અગાઉ રીજેક્ટ કરવામાં આવી હોવા છતાં, નગરપાલિકા દ્વારા ટેન્ડર પ્રક્રિયા હાથ ધરીને ગેરકાયદે કામ સોંપી દેવાયું હોવાનો આક્ષેપ છે.

ઉપરાંત, નામંજૂર થયેલા નકશાઓ ધમડાચી ગ્રામ પંચાયતમાં રજૂ કરી ત્યાંથી બાંધકામ રજા ચિઠ્ઠી મેળવી સ્થળ પર કામગીરી શરૂ કરાવી દેવામાં આવી હતી.

ફરિયાદમાં વધુમાં જણાવાયું છે કે, કલેક્ટરની ફાળવણીની વિરુદ્ધ જઈને તમામ વાણિજ્યિક બાંધકામ સર્વે નંબર ૩૬૨ (રહેણાંક) માં કરી દેવામાં આવ્યું છે અને વાણિજ્ય હેતુ માટે ફાળવાયેલી સર્વે નંબર ૩૪૯ ની મુખ્ય જમીન પાછળ આવેલા ખાનગી સર્વે નંબરોને લાભ આપવા માટે ૧૨ મીટરનો ક્રોસ ઓવર રોડ મૂકી ખાલી રખાઈ છે. જમીનની સત્તાવાર ફાળવણી વર્ષ ૨૦૨૪ માં થઈ હોવા છતાં, તત્કાલીન ઇજનેર દ્વારા સત્તા બહાર જઈ વર્ષ ૨૦૨૨ ની તારીખ દર્શાવી કોઈ પણ જાવક નંબર વગરનો સંદિગ્ધ બાંહેધરી પત્ર ચીફ ઓફિસર વતી તૈયાર કરી આજુબાજુના ખાનગી જમીન માલિકોને રસ્તાના હકો આપી દેવાયા હતા. આ બાંહેધરી પત્રના જોરે ખાનગી માલિકોએ બિનખેતી (NA) મંજૂરીઓ પણ મેળવી લીધી હતી.

વાપીમાં કનુભાઈના કાર્યાલયની બંને મંત્રીઓએ શુભેચ્છા મુલાકાત લીધી



વાપી : વાપી પ્રવાસ દરમિયાન કેન્દ્રીય શ્રમ મંત્રી મનસુખભાઈ માંડવિયા, રાજ્યના વન પર્યાવરણ મંત્રી અર્જુનભાઇ મોઢવડીયાએ વાપી નોટિફાઇડ સ્થિત નાણામંત્રી કનુભાઈ દેસાઈના પારડી વિધાનસભા જન સંપર્ક કાર્યાલયની શુભેચ્છા મુલાકાત લીધી હતી. એ સમયે કનુભાઈએ બંને મંત્રીઓને પુષ્પગુચ્છથી આવકાર્યા હતા.

ધરમપુરમાં પરિણીતાને હોટલમાં લઇ જઇ દુષ્કર્મ

માકડબનના હરેશ ગાંગોડાએ પત્ની સાથે છૂટાછેડા લેવાનું કહી લગ્નનો વાયદો કર્યો હતો

ધરમપુર : ધરમપુર પોલીસ સ્ટેશન વિસ્તારમાં લગ્નની લાલચ આપી મરજી વિરુદ્ધ શારીરિક સંબંધ બાંધવા અને બાદમાં જાનથી મારી નાખવાની ધમકી આપવાનો ગંભીર કિસ્સો પ્રકાશમાં આવ્યો છે. મળી માહિતી મુજબ, આરોપી હરેશભાઈ લાલજીભાઈ ગાંગોડા (રહે. માકડબન પટેલ ફળીયા, તા. ધરમપુર, જી. વલસાડ) એ ફરિયાદ પક્ષ પરિણીત હોવાનું જાણવા છતાં તેમને તેમના પતિથી છૂટાછેડા લેવાનું જણાવ્યું હતું. તેમજ પોતે પણ પોતાની પત્નીથી છૂટાછેડા લઈ તેમની સાથે લગ્ન કરી લેવાની લાલચ આપી હતી. ત્યારબાદ, વર્ષ ૨૦૨૩ થી લઈ તા. ૧૦/૧૦/૨૦૨૫ ના સમયગાળા દરમિયાન ધરમપુર, વલસાડ, વાપી અને મહેસાણા ખાતે આવેલ અલગ-અલગ ગેસ્ટ હાઉસમાં લઈ જઈ મહિલાની મરજી વિરુદ્ધ શારીરિક સંબંધ બાંધી બળાત્કાર ગુજાર્યો હતો. મહિલાએ જ્યારે આરોપી પાસે લગ્ન કરી લેવાની માંગણી કરી, ત્યારે આરોપીએ લગ્ન કરવાની ચોખ્ખી ના પાડી દીધી હતી અને તેમને જાનથી મારી નાંખવાની ધમકી આપી હતી. આ મામલે ધરમપુર પોલીસ સ્ટેશનમાં ગુનો નોંધવામાં આવ્યો છે અને પોલીસ ઈન્સ્પેક્ટર એન.ઝેડ. ભોયા દ્વારા આગળની તપાસ હાથ ધરવામાં આવી છે.